ધી ન્યુઝલાઇન

વર્ષ : ૨૯ અંક : ૩૦૪ તા.૨૬-૮-૨૦૨૩ પાનાં ૪ માલિક : જયની પબ્લીશર્સ તંત્રી : રણછોડ એન. શાહ સહ તંત્રી : રાધિકા ગંજવાલા

એફએમસીજી કંપનીઓ સ્પષ્ટ રીતે અપટ્રેન્ડમાં દાખલ થઈ ગઈ

શોર્ટટર્મ એન્ગલથી રૂા. ૫૬૮વાળા **મેરિકો**માં મજબૂત અપટ્રેન્ડ શરૂ થઈ ગયો છે

ગયા સોમવારે જીઓ ફિનાન્સીયલનું લિસ્ટિંગ થયું અને તે પછી મ્યુચ્યુઅલ ફંડોની સતત વેચવાલીને કારણે આ શેરમાં રોજ નીચલી સર્કિટ લાગતી હતી અને શેર સતત ઘટ્યો છે. આવા મજબૂત બિઝનેસવાળા શેરમાં આ રીતે શા માટે નીચલી સર્કિટ લાગી અને રોકાણકારોના મૂલ્યમાં રૂા. ૩૧૦૦૦ કરોડનો તોતીંગ ઘટાડો થયો તે પાસું આ વખતના અંકમાં સમજાવ્યું છે અને હવે જ્યારે વેચવાલી પૂરી થઈ ગઈ છે ત્યારે આ શેરમાં નાનું રોકાણ કરી દેવાય.

સામે પક્ષે ૨૦૦૦૦ નજીક આવ્યા પછી નિફ્ટી એક નર્વસનેસના તબક્કામાં ફસાયો છે અને તેને કારણે હવે નવા અઠવાડિયાના મધ્ય સુધીમાં કરેકશન પૂરું થઈ જાય તે સંભાવના મજબૂત છે. શુક્રવારે ભારતીય સમય પ્રમાણે રાતના આઠ વાગે અમેરિકામાં ફેડરલ રિઝર્વના ચેરમેન દ્વારા જેક્શન હોલ ખાતે પોતાનું પ્રવચન આપવામાં આવશે અને વિશ્વભરના શેરબજારો છેલ્લા થોડા દિવસોથી આ પ્રવચનમાં ફેડરલ રિઝર્વના ચેરમેન શું દર્શાવે છે તેની આતૂરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે. અમેરિકામાં અર્થતંત્ર અતિશય મજબૂત છે અને રોજગારીનું લેવલ પણ ખૂબ ઊંચું છે અને સામે પક્ષે ફુગાવો કોઈ પણ રીતે અંકુશમાં નથી આવતો અને આ તમામ પાસાને કારણે આગામી દિવસોમાં પણ ફેડરલ રિઝર્વના ચેરમેન દ્વારા વ્યાજદરમાં નાનો વધારો કરવામાં આવે તેવો સંકેત અપેક્ષિત છે. તેમ છતાં પણ બજાર જે રીતે છેલ્લા ચાર અઠવાડિયાથી સતત ઘટ્યું છે તેને કારણે હવે સેન્સેક્ષ અને નિફ્ટીમાં નાના ઘટાડાની જ સંભાવના રહી છે. નિફ્ટીના ટોચના શેરો પણ ખૂબ જ નીચા આવી ગયા છે અને તેમાં પણ હવે આગામી દિવસોમાં મોટા ઘટાડાની સંભાવના નથી દેખાતી. એકંદરે કંપનીઓના પરિણામો પ્રોત્સાહક છે અને હવે ચૂંટણીલક્ષી સરકારી બજેટોના ખર્ચાઓ શરૂ થઈ જવાની તૈયારી હોવાથી તેનો ફાયદો પણ જોઈ શકાશે.

ગયા અઠવાડિયે દેશના ટોચના ઉદ્યોગપતિઓનો સર્વે બહાર પડાયો હતો અને તેમાં પણ ટોચના ઉદ્યોગપતિઓ આગામી સમયગાળામાં તેમના મૂડીરોકાણોમાં મોટો ઉછાળો જોવાશે તેમ સ્પષ્ટ રીતે દર્શાવી રહ્યા છે અને આ પાસું પણ સેન્ટીમેન્ટને પોઝિટિવ અસર કરી જવાની ગણતરી છે.

બીજી તરફ જૂન અને જુલાઈ મહિના દરમ્યાન એફએમસીજી કંપનીઓના વેચાણોમાં ખૂબ સુંદર વૃદ્ધિ જોવાઈ છે અને તેથી હવે સપ્ટેમ્બર ક્વાર્ટરના આંકડાઓ પણ પ્રોત્સાહક આવશે તે આશાવાદ વધ્યો છે. સિમેન્ટમાં પણ વેચાણ કિંમતો વધી અને માંગ વધી તે પાછળ સિમેન્ટ કંપનીઓના પણ સપ્ટેમ્બર ક્વાર્ટરના આંકડાઓ અંગે ખૂબ જ સુંદર આશાવાદ છે. નવા અઠવાડિયામાં ઓગસ્ટ મહિનો પૂરો થઈ જશે અને તેથી સપ્ટેમ્બરના બીજા અઠવાડિયાથી તો સપ્ટેમ્બર ક્વાર્ટરના પરિણામો અંગેની આશાઓ અને ચર્ચાઓ શરૂ થઈ જવાની અને તેની પણ ખૂબ જ પોઝિટિવ અસર બજાર ઉપર પડશે તેમ સ્પષ્ટ રીતે દેખાય છે.

સપ્ટેમ્બર મધ્યથી તહેવારોની સિઝન પણ શરૂ થઈ જવાની અને જે રીતે તાજેતરમાં આઝાદીના દિવસે ઓનલાઇન અને ઓફલાઇનમાં જોરદાર વેચાણો થયા છે તે પછી હવે જન્માષ્ટમી અને અન્ય તહેવારોમાં પણ વેચાણો જોરદાર થશે તેવી ગણતરી છે. ટુ-વ્હીલર અને પેસેન્જર કારની માંગમાં પણ મોટા ઉછાળાની ગણતરી છે અને તેથી ઓટો શેરો પણ હવે કરેકશનના છેલ્લા તબક્કા પછી ઝડપથી સુધરે તે સંભાવના મજબૂત છે. આમ અમારો અંદાજ છે કે નવા અઠવાડિયાના મધ્ય ભાગ કે આખર ભાગ પછી બજારના સેન્ટીમેન્ટમાં નોંધપાત્ર સુધારો જોવાશે અને તેમાં રિલાયન્સ અને જીઓ ફિનાન્સીયલ અને એચડીએફસી બેંક બજારને ઊંચકવામાં મજબૂત ટેકો આપશે તેવી ગણતરી છે. અને તેથી હવે નવા અઠવાડિયાની શરૂઆતથી આ શેરમાં વેલ્યૂબાઈંગ શરૂ કરી દેવાય.

એફએમસીજી કંપનીઓ સ્પષ્ટ રીતે અપટ્રેન્ડમાં દાખલ થઈ ગઈ છે. વાસ્તવમાં જાન્યુઆરીથી જૂન દરમ્યાન આ શેરોમાં કરેકશનનો તબક્કો પૂરો થઈ ગયો છે અને તે પછી સ્વાભાવિક છે કે હવે આ શેરોમાં સુંદર ઉછાળો જોવા મળે. અને સપ્ટેમ્બરથી નવેમ્બર આખર સુધીમાં આ શેરોમાં સુંદર રિટર્ન છૂટશે તે સંભાવના મજબૂત છે. દેશની ટોચની એફએમસીજી કંપની **હિન્દુસ્તાન યુનિલિવર** અત્યારે રૂા. ૨૫૮૧ ઉપર ચાલતા આ શેરમાં આગામી દિવસોમાં ધીમા સુધારા સાથે રૂા. ૨૫૯૫ અને તે પછી ધીરે ધીરે રૂા. ૨૬૦૬ અને તે પછીના ઉછાળે રૂા. ૨૬૨૬નો ભાવ આવવાની સંભાવના છે. હજી થોડા દિવસો આ શેરમાં ઉછાળો એકદમ ધીમો રહેશે તેવી ગણતરી છે.

આઈટીસી અત્યારે રૂા. ૪૫૦-૪૫૧ ઉપર મળે છે અને તેમાં પણ થોડા દિવસો કોન્સોલિડેશન અને આરામ ફરમાવ્યા પછી આ શેરમાં નવી તેજીની જગ્યા છે. થોડા દિવસો આ શેરમાં ફ્લેટલાઇન જોવાશે. અને તેથી નીચામાં રૂા. ૪૪૦ અને ઉપરમાં રૂા. ૪૬૦ની રેન્જમાં આ શેર અથડાયા કરે તે સંભાવના મજબૂત છે, પરંતુ એક વખત કોન્સોલિડેશનનો આ તબક્ક પૂરો થાય તે પછી તેમાં ઝડપી ઉછાળા સાથે રૂા. ૪૬૬ અને તે પછી રૂા. ૪૮૦નો ભાવ જોવા મળે તેવી ગણતરી છે.

પ્રોક્ટર એન્ડ ગેમ્બલનો શેર રૂા. ૧૫૬૨૯ ઉપર મળે છે અને આ શેરમાં પણ આવતા થોડા દિવસો ટૂંકી વધઘટનો ટ્રેન્ડ જોવા મળે તે સંભાવના મજબૂત છે.

રૂા. ૮૪૪ના ભાવની **તાતા કન્ઝ્યુમર**માં પણ ફ્લેટલાઇન અને કોન્સોલિડેશનનો ટ્રેન્ડ જોવાય છે. નાની રેન્જમાં જ ભાવ અથડાયા કરે તે સંભાવના મજબૂત છે. તેમ છતાં તાતા કન્ઝ્યુમરમાં પણ તેના મસાલાના વેચાણોમાં જે મજબૂત ઉછાળો છે તેને કારણે આ શેર ખાસ ઘટી જાય તે ભય નથી દેખાતો.

૧૦૭૬ના ભાવે મળે છે અને તેમાં પણ રોકાણ જાળવી શકાય. આવતા થોડા દિવસોમાં રૂા. ૧૨૦૦થી રૂા. ૧૨૫૦નો ભાવ આવી જવાની સંભાવના મજબૂત છે.

ડોડલા ડેરીનો શેર રૂા. ૯૦૦ ટચ કરીને અત્યારે રૂા. ૭૧૧ ઉપર મળે છે. આ શેરમાં એકદમ શોર્ટટર્મમાં ઘટાડાની જગ્યા છે, અને તેથી નજીકના દિવસોમાં આ શેર ઘટીને રૂા. ૬૯૫થી રૂા. ૬૮૦ સુધી ઉતરી જાય તો નવાઈ નહિ લાગે અને નાના કરેકશન પછી તેમાં ઝડપી સુધારાની ગણતરી છે.

જ્યારે **હેરીટેજ ફુડ**નો શેર રૂા. ૨૪૭ ઉપર મળે છે. એકદમ ટૂંકાગાળામાં આ શેરમાં નાની રેન્જમાં ભાવ અથડાઈ જવાની ગણતરી છે. ઉપરમાં રૂા. ૨૫૫ અને નીચામાં રૂા. ૨૩૫ની રેન્જમાં ભાવ અથડાયા કરે તે સંભાવના મજબૂત છે અને તેથી તેમાં એકદમ એક્સપોઝર વધારી દેવાની ઉતાવળ ન કરાય.

પરાગ મિલ્કફુડનો શેર અત્યારે રૂા. ૧૭૬ ઉપર છે અને આ શેર તોફાની તેજીમાં આગળ વધે છે. લીધા ન હોય તો થોડાક શેરો આ ભાવે લઈને મૂકી શકાય. આવતા થોડા દિવસોમાં રૂા. ૧૮૯ અને તે પછી રૂા. ૨૦૦નો ભાવ આવતા છથી ૮ અઠવાડિયામાં જોવા મળવાની ગણતરી. નાનું રોકાણ કરી શકાય.

ક્રીમલાઇન ડેરીના માધ્યમથી ડેરીના બિઝનેસમાં સક્રિય **ગોદરેજ એગ્રોવેટ**નો શેર અત્યારે રૂા. ૪૮૮ ઉપર ચાલે છે અને આ શેર અત્યારે કોન્સોલિડેશન અને ટૂંકી વધઘટના તબક્કામાં છે. આ ભાવથી ઘટવાની જગ્યા નહિવત છે અને તેથી રોકાણ જાળવી શકાય.

વાડીલાલ ઇન્ડસ્ટ્રીઝ રૂા. ૨૭૦૦ ઉપર મળી રહ્યો છે. હોલ્ડિંગ વેચાશે તેવા સમાચાર આવે તે વખતે થોડોક ઊંચકાઈ જાય છે અને તે પછી આગળ કોઈ ડેવલપમેન્ટની જાહેરાત ન આવતા શેરમાં રૂા. ૨૦૦-૩૦૦નું ગાબડું પડી જાય છે. ૧૦ દિવસ પહેલા જ આ શેરે રૂા. ૩૦૫૦નું ટોપ બતાવ્યું હતું અને અત્યારે ઘટીને રૂા. ૨૭૦૦ ઉપર આવ્યો છે. વાડીલાલ ઈન્ડસ્ટ્રીઝમાં ઉછાળાની જગ્યા મર્યાદિત છે અને તેથી થોડા દિવસો સુધી આ શેરમાં રોકાણ વધારવાની ઉતાવળ ન કરવી.

ટામેટા અને શાકભાજીના ભાવમાં કમર તોડી નાખે તેવો ઉછાળો આવવાને કારણે રેસ્ટોરન્ટ કંપનીઓની નફાશક્તિને મોટો ફટકો પડ્યો છે. ભાવ વધારવા જાય તો ઘરાકીને અસર પડે છે અને તેથી મોટા ભાગની રેસ્ટોરન્ટ કંપનીઓએ બોઝો પોતે જ થોડો સમય સહન કરી લેવાની તૈયારી રાખી છે અને તેથી ક્વિક સર્વિસ રેસ્ટોરન્ટ અને સ્ટેન્ડએલોન રેસ્ટોરન્ટના નફાને અસર પડવાની ગણતરી છે.

સામે પક્ષે હોટલ શૃંખલા સાથે સંબંધ ધરાવતી રેસ્ટોરન્ટમાં ખાસ અસર નથી પડી કારણ કે આ હોટલ કંપનીઓમાં અત્યારે ટુરિસ્ટ ટ્રાફિક જોરદાર છે અને તેને કારણે બિઝનેસ તેજીમાં હોવાથી રેસ્ટોરન્ટનું નુકસાન તેમને ખાસ અસર કરે તે ભય નથી.

બીજી તરફ આવતા થોડા અઠવાડિયામાં વર્લ્ડ કપ શરૂ થવાનો છે અને તેથી જે શહેરોમાં વર્લ્ડ કપની મેચો રમાવાની છે તે શહેરોમાં અત્યારથી જ હોટલોના રૂમ ભાડામાં તોતીંગ ઉછાળો આવ્યો છે. અમદાવાદની એક હોટલ નોર્મલ સંજોગોમાં રૂા. ૪૦૦૦નું ભાડું લેતી હતી પરંતુ વર્લ્ડ કપ વખતે તેને ત્યાં રૂા. ૫૦૦૦૦માં બુક થયા છે અને આ જ પ્રકારની પરિસ્થિતિ

શોર્ટટર્મ એન્ગલથી રૂા. ૫૬૮વાળા **મેરિકો**માં મજબૂત અપટ્રેન્ડ શરૂ થઈ ગયો છે. આ શેરમાં આવતા થોડા દિવસોમાં રૂા. ૫૭૨ અને તે પછીના થોડા દિવસોમાં રૂા. ૫૮૩ના ભાવની સંભાવના મજબૂત છે. તેમ છતાં ઉપરના લક્ષ્યાંકો સુધી પહોંચવામાં ખૂબ જ વાર લાગશે કારણ કે તેજીનો શરૂઆતનો તબક્કો છે.

રૂા. ૫૧૬ના ભાવની **ઇમામી**માં હવે તેજી ઝડપી બનવાની ગણતરી છે. ધીમા સુધારાનો તબક્કો આ શેરે પૂરો કરી નાખ્યો છે અને તેથી આવતા થોડા દિવસોમાં રૂા. ૫૩૩ અને તે પછીના થોડા દિવસોમાં રૂા. ૫૫૦ અને તે પછી રૂા. ૫૭૫નો ભાવ જોવા મળવાની ગણતરી છે અને તેથી ઈમામીનો શેર લઈને મૂકી શકાય. (આ અંકમાં અન્ય કોલમમાં ઈમામી રીયલ એસ્ટેટનો શેર પકડવાનું કહ્યું છે અને તેની ઉપર પણ ફોકસ રખાય.)

બ્રિટાનિયાનો શેર ધીરે ધીરે ઘટીને રૂા. ૪૫૪૩ ઉપર આવી ગયો છે. બ્રિટાનિયામાં હજી કરેકશન બાકી છે. તેમ છતાં મોટા ઘટાડાની જગ્યા નથી દેખાતી.

રૂા. ૫૬૪વાળો **ડાબર**નો શેર અત્યારે કોન્સોલિડેશન અને નબળાઈના તબક્કામાંથી પસાર થઈ રહ્યો છે. નાની રેન્જમાં જ થોડા દિવસો ભાવ અથડાયા કરે અને તે પછી તેમાં તેજીતરફી બ્રેકઆઉટ જોવા મળે તેવી ગણતરી છે. હજી આ શેરમાં નવી એન્ટ્રી લેવાનો સમય નથી આવ્યો.

રૂા. ૧૦૪૨ વાળા **ગોદરેજ કન્ઝ્યુમર**ના શેરમાં ધીમો અપટ્રેન્ડ ચાલુ થઈ ગયો છે અને આવતા થોડા દિવસોમાં આ શેરમાં રૂા. ૧૦૫૧ અને તે પછી રૂા. ૧૦૬૧ અને તે પછીના થોડા દિવસોમાં રૂા. ૧૦૮૧નો ભાવ બતાવશે તે નક્કી છે. થોડા દિવસો આ શેરમાં અતિશય ધીમા દરે અપટ્રેન્ડની સંભાવના છે.

અદાણી વિલ્મરનો શેર અત્યારે રૂા. ૩૭૫ ઉપર છે અને છેક મે મધ્યથી આ શેરમાં સ્પષ્ટ કરેકશન ચાલુ થઈ ગયું છે અને હજી પણ કરેકશન પૂરું નથી થયું. આવતા થોડા દિવસો દરમ્યાન અદાણી વિલ્મરનો શેર વધારે તીવ્ર ઘટાડા સાથે રૂા. ૩૬૫ અને તે પછીના ઘટાડે રૂા. ૩૫૫ સુધી ઉતરી જાય તો સહેજ પણ નવાઈ નહિ લાગે અને તેથી શોર્ટટર્મ માટે હોલ્ડિંગ કાપી દેવાય.

પતંજલિનો શેર રૂા. ૧૪૦૦ની નજીક ગયા પછી અત્યારે ઘટીને રૂા. ૧૨૫૯ ઉપર આવી ગયો છે અને આવતા થોડા દિવસોમાં આ શેર તેની ૫૦ દિવસની મજબૂત સપોર્ટ લાઇન તોડી નાખે અને રૂા. ૧૨૪૩-૧૨૨૭ તરફ ઉતરી જાય તે સંભાવના ઘણી મજબૂત છે અને તેથી આ તબક્કે પતંજલિમાં પણ થોડો વખતે એક્સપોઝર કાપી નાખીને સાઈડમાં ઊભા રહી જવું એકદમ સલાહભરેલ છે.

દારૂના શેરોમાં આ વખતે ભારે તેજી રહેવાની સંભાવના છે. લોકો ખૂબ કમાયા છે અને તેને કારણે પણ દારૂ પણ જોરદાર પીવાય તો નવાઈ નહિ લાગે. **યુનાઇટેડ સ્પીરીટ** એટલે કે મેકડોવેલના શેરમાં આ શેરનું પ્રતિબિંબ છેલ્લા બે મહિનાથી સ્પષ્ટ રીતે દેખાય છે. જૂનના બીજા અઠવાડિયાથી રૂા. ૮૩૦ આસપાસના બોટમથી ઊંચકાઈને યુનાઇટેડ સ્પીરીટ અત્યારે રૂા. ૧૦૧૯ ઉપર આવી ગયો છે અને હજી પણ તેમાં તોતીંગ ઉછાળા સાથે રૂા. ૧૦૩૬ અને તે પછીના ઉછાળે રૂા. ૧૦૫૬ના ભાવની સંભાવના મજબૂત છે. તેજીની મોટી જગ્યા બાકી હોવાથી શોર્ટટર્મ માટે આ શેર લઈને મૂકી દેજો અને આવતા છ મહિનામાં આ શેર તમને ખૂબ જ સુંદર રિટર્ન આપી જશે.

તેવો જ મજબૂત ઉછાળો **યુનાઇટેડ બ્રુવરી**માં પણ શરૂ થઈ ગયો છે. આ કંપની બિયરના ઉત્પાદનમાં ભારતમાં ટોચનું સ્થાન ધરાવે છે. ઘણા મહિના સુધી મંદીમાં ફસાયેલો રહ્યો હતો અને તેમાં જૂન મધ્યથી રૂા. ૧૪૨૦ના ભાવથી તેજી શરૂ થઈ ગઈ છે. એક તબક્કે રૂા. ૧૬૧૦નું ટોપ બતાવીને આ શેર અત્યારે રૂા. ૧૫૩૨ ઉપર આવ્યો છે અને આગામી દિવસોમાં ફરી એક વખત તોતીંગ ઉછાળા સાથે રૂા. ૧૬૦૦નું લેવલ કૂદાવીને રૂા. ૧૬૫૦ તરફ આગળ વધી જાય તો નવાઈ નહિ લાગે. આ શેરમાં લાંબી તેજીની જગ્યા છે અને તેથી ચારથી છ મહિનાના એન્ગલથી લઈને મૂકી દેવો.

સુલા વિનયાર્ડ વાઈનના ધંધામાં ટોચનું સ્થાન ધરાવે છે અને સાથે સાથે પોતાના વિનયાર્ડમાં આ કંપનીએ ટુરિઝમનું કામકાજ શરૂ કર્યું છે અને તેમાં તેને અફલાતૂન રિસ્પોન્સ છે. સુલાનો શેર રૂા. ૪૦૦ના બોટમથી ઊંચકાઈને બે મહિનામાં જ રૂા. ૫૧૩ ઉપર આવ્યો છે અને આવતા થોડા દિવસોમાં આ શેર તોતીંગ ઉછાળા સાથે રૂા. ૫૩૨ અને તે પછીના અઠવાડિયામાં રૂા. ૫૫૩નો ભાવ બતાવે તેવી ગણતરી છે. આ શેર તમારે હાલના તબક્કે ચારથી છ અઠવાડિયાના એન્ગલથી લેવો તેમ છતાં સુલા મલ્ટીબેગર શેર બનવાની તક છે અને તેથી તેમાં લાંબાગાળા માટે પણ રોકાણ કરી દેવાય.

તાજેતરમાં **રેડિકો ખેતાન**માં મોટી રકમની વસૂલાતનો ભય ઊભો થતા આ શેરમાં તીવ્ર ગાબડું પડી ગયું છે. ઓગસ્ટના પ્રથમ અઠવાડિયામાં રૂા. ૧૪૭૮ પહોંચેલો રેડિકો ખેતાન આ આકસ્મિક ડેવલપમેન્ટને કારણે રૂા. ૧૨૨૩ ઉપર આવ્યો છે અને વસૂલાત વાસ્તવમાં કેટલી નીકળે છે તે જોતા વર્ષો લાગી જાય, હાલ પૂરતું સેન્ટીમેન્ટ એકદમ ખરાબ થઈ ગયું છે અને નીચામાં રૂા. ૧૨૦૪ અને તે પછીના ઘટાડે રૂા. ૧૧૮૬ સુધી ભાવ ઉતરી જવાની ગણતરી છે.

તિલકનગર ઇન્ડસ્ટ્રીઝ કે જેણે જોરદાર ટર્નઅરાઉન્ડ ટ્રેન્ડ બતાવ્યો છે તેના શેરમાં પણ આકર્ષણ વધ્યું છે. એક તબક્કે રૂા. ૨૨૪ થયા પછી અત્યારે રૂા. ૨૧૪ ઉપર આવેલો આ શેર આવતા થોડા દિવસોમાં રૂા. ૨૩૪થી રૂા. ૨૪૪ ઉપર પહોંચી જવાની ગણતરી છે અને તેથી થોડાક શેરો લઈને મૂકી શકાય.

વરૂણ બેવરેઝીસ પેપ્સીના ફ્રેન્ચાઈઝી તરીકે રહેવાની સાથે સાથે તેણે પોતાની જ બ્રાન્ડ હેઠળના પીણા લોન્ચ કર્યા છે. પેપ્સીને કારણે આ કંપની ખૂબ જ વિશાળ ડિસ્ટ્રીબ્યુશન નેટવર્ક ધરાવે છે અને હવે પોતાના પીણામાં પણ તેને આ નેટવર્કનો ફાયદો મળી શકશે. વરૂણનો શેર તાજેતરમાં રૂા. ૯૮૦ સુધી ગયા પછી અત્યારે ઘટીને રૂા. ૮૮૪ ઉપર આવ્યો છે. વરૂણમાં આ નાનું કરેકશન છે અને હજી સાતથી દસ દિવસ કરેકશનનો તબક્કો ચાલુ રહેવાની ગણતરી છે અને તે પછી નવી તેજી સાથે આ શેરમાં રૂા. ૯૫૦ અને તે પછી રૂા. ૧૦૦૦નો ભાવ બેસે છે. આ શેરમાં રોકાણ જાળવી શકાય.

કોલગેટે પોતાના આંતરરાષ્ટ્રીય પોર્ટફોલિયોમાંથી કેટલીક પ્રોડક્ટો ભારતમાં લોન્ચ કરવાનું નક્કી કર્યુ છે. રૂા. ૧૯૭૪વાળા આ શેરમાં એકદમ ધીમા સુધારાની સંભાવના છે. ઉપરમાં રૂા. ૧૯૯૦ અને તે પછી રૂા. ૨૦૦૬નો ભાવ થોડા દિવસોમાં જોવા મળવાની ગણતરી છે.

દવાઓની સાથે સાથે કોન્ડમ અને અન્ય ફાસ્ટમુવિંગ ગુડ્ઝનો **મેનકાઇન્ડ ફાર્મા**નો શેર રૂા. ૧૮૨૮ ઉપર મળે છે અને આ શેરમાં આવતા થોડા દિવસો ફ્લેટલાઇનનો ટ્રેન્ડ જોવા મળવાની ગણતરી છે. કદાચ કરેકશનનો તબક્કો પણ શરૂ થઈ જાય.

બેક્ટર ફુડના શેરમાં વિદેશી ગ્રૂપે ઝડપી રોકાણ કર્યું હોવાને કારણે આ શેર રૂા. ૧૧૧૦ થયા પછી રૂા.

અમદાવાદની વર્લ્ડ કપની મેચ વખતે અન્ય તમામ હોટલોમાં પણ છે. અને અન્ય શહેરોમાં પણ આવો જ ટ્રેન્ડ દેખાય છે.

સામે પક્ષે આ સમયગાળા દરમ્યાન એરલાઈન્સ કંપનીઓના ભાડામાં પણ તોતીંગ ઉછાળો આવ્યો છે. સામે પક્ષે દિવાળીના તહેવારો દરમ્યાન અત્યારથી જ જોરદાર બુકિંગ છે અને ટ્રેનોમાં પણ ચાર મહિના પહેલા જ બુકિંગો થઈ ગયા છે અને આ પાસાને કારણે હોટલ કંપનીઓના સપ્ટેમ્બર આખરના નફા અને તેનાથી પણ વધારે જોરદાર નફા ડિસેમ્બર ક્વાર્ટરને અંતે આવશે તેમ સ્પષ્ટ રીતે દેખાય છે અને આ બુલીશ સેન્ટીમેન્ટને કારણે તાતા ગ્રૂપની **ઇન્ડિયન હોટલ**નો શેર અત્યારે રૂા. ૪૦૨ ઉપર આવી ગયો છે અને આવતા થોડા દિવસો દરમ્યાન આ શેરમાં તોતીંગ ઉછાળા સાથે રૂા. ૪૧૪ અને તે પછી રૂા. ૪૨૪નો ભાવ જોવા મળવાની ગણતરી છે. આગામી દિવસોમાં ઈન્ડિયન હોટલમાં તમને રૂા. ૪૫૪નો ભાવ જોવા મળે તો નવાઈ નહિ લાગે અને તેથી લગભગ ત્રણ મહિનાના એન્ગલથી લઈને મૂકી દેવાય.

સામે પક્ષે **ઈઆઈએ લિમિટેડ**માં તાજેતરમાં તેની ત્રણ હોટલોમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ સાથે કરાર કરાયા છે. મુંબઈ ખાતે શરૂ થનાર નવી ભવ્ય હોટલની મેનેજમેન્ટ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ કરશે અને સાથે સાથે ઈંગ્લેન્ડ ખાતેની ભવ્ય હોટલમાં રિલાયન્સ સંભાળવાની છે અને થોડા વર્ષો પછી રિલાયન્સ અને ઓબેરોય હોટલ્સના સંયુક્ત સાહસની નવી કંપની શરૂ થાય તો પણ નવાઈ નહિ લાગે. ઈઆઈએચ લિમિટેડનો શેર તેજીમાં દાખલ થયો હોવાનું ગયા અંકમાં દર્શાવેલું અને તે મુજબ રૂા. ૨૧૦વાળો આ શેર અત્યારે રૂા. ૨૩૭ ઉપર આવ્યો છે અને તેમાં આવતા થોડા દિવસોમાં રૂા. ૨૫૧ અને તે પછી રૂા. ૨૬૦ના ભાવની સંભાવના ખૂબ મજબૂત છે.

શેલેટ હોટલનો શેર રૂા. ૫૨૩ ઉપર આવી ગયો છે અને આ શેરમાં પણ તોફાની તેજીની જગ્યા છે. ઉપરમાં રૂા. ૬૦૦ અને તે પછીના ઉછાળે રૂા. ૬૫૦નો ભાવ જોવા મળે તો સહેજ પણ નવાઈ નહિ લાગે.

લેમન-ટ્રી હોટલ છેક રૂા. ૪૨ના ભાવથી ભેગા કરાવીએ છીએ. અંક નંબર-૧૮ વખતે રૂા. ૯૧-૯૨માં પણ આ શેર ભેગા કરવાનું કહ્યું હતું. અત્યારે રૂા. ૧૦૮ ઉપર આવ્યો છે. અને આવતા થોડા દિવસોમાં રૂા. ૧૧૮ અને તે પછીના ઉછાળે રૂા. ૧૨૮નો ભાવ જોવા મળવાની ગણતરી છે.

જે રીતે રાકેશ ઝુનઝુનવાલાએ ટાઈટનના શેર પાણીના હાવે ભેગા કર્યા હતા તેવી જ રીતે **મહિન્દ્રા હોલિડે રિસોર્ટ**નો શેર લેવાનું અનેક વખત દર્શાવેલું. આ કંપનીની ક્લબ મહિન્દ્રા દેશભરમાં સૌથી વધારે હોટલ પ્રોપર્ટીઓ ધરાવે છે. અન્ય કંપનીને એક હોટલ ઊભી કરવામાં વ્યાજનો મોટો બોજો સહન કરવો પડે પરંતુ આ કંપનીને મેમ્બરશિપ ફી દ્વારા જંગી રકમ દર વર્ષે મળે છે અને તેને કારણે તેના માથા ઉપર વ્યાજનો કોઈ જ બોજો નથી. છેક રૂા. ૧૫૦ના ભાવથી આ શેર ભેગા કરાવીએ છીએ અને અત્યારે વધીને રૂા. ૩૯૬ ઉપર તો આવી ગયો હજી પણ આ શેરમાં આગામી દિવસોમાં રૂા. ૪૧૩ અને તે પછીના ઉછાળે રૂા. ૪૩૭ના ભાવની સંભાવના મજબૂત છે. આ લક્ષ્યાંક આવતા થોડા અઠવાડિયા માટેનું કહી શકાય પરંતુ જો આ શેર તમે પાંચ વર્ષના એન્ગલથી લઈને મૂકી દેશો તો તેમાં મલ્ટીબેગર રિટર્ન મળવાની ગણતરી છે.

ભારતમાં સને ૨૦૨૦માં રેસ્ટોરન્ટ અને ફુડ સર્વિસનું માર્કેટ રૂા. ૪ લાખ કરોડ અંદાજવામાં આવતું હતું અને સને ૨૦૨૫ સુધીમાં આ માર્કેટ લગભગ ૨૦ ટકાના દરે વિકસે તે સંભાવના મજબૂત છે. અને તેમાંથી મોટો હિસ્સો ઝોમેટો અને સ્વીગી ભેગા કરી રહ્યા છે. ફુડ ડિલિવરીના માર્કેટમાં અત્યારે **ઝોમટો** પ્રથમ સ્થાને છે અને સ્વીગી બીજા સ્થાને છે. ઝોમેટોનો શેર મોતીલાલ ઓસ્વાલની ટીમે પણ ખૂબ જ મોટા પાયે કવર કર્યો હતો અને જ્યારે ભાવ ઘટીને ફક્ત રૂા. ૪૨-૪૫ આસપાસ આવી ગયો હતો ત્યારે મોતીલાલ ઓસ્વાલને પણ નિરાશા થઈ હતી. અને તે પછીના ચાર મહિનામાં જ આ શેર એક તબક્કે રૂા. ૧૦૪ સુધી ગયા પછી અત્યારે રૂા. ૯૩-૯૪ ઉપર મળી રહ્યો છે. ખૂબ જ ઝડપથી વધ્યા પછી થોડા દિવસો આ શેરમાં કોન્સોલિડેશનનો ટ્રેન્ડ જોવા મળવાની ગણતરી છે, પરંતુ હજી આ શેરમાં મોટી તેજી બાકી છે. આવતા ત્રણ-ચારથી મહિનામાં આ શેરમાં રૂા. ૧૨૦ ઉપરનો ભાવ જોવા મળી જાય તેમ સ્પષ્ટ રીતે દેખાય છે અને તેથી અગાઉ કહ્યું હતું તેમ એસઆઈપીની રીતે દર અઠવાડિયે અથવા દર મહિને યથાશક્તિ મુજબ

ભેગા કરતા જજો. રાકેશ ઝુનઝુનવાલાએ ભલે ટાઈટન ભેગા કર્યા હોય તમે ઝોમેટો ભેગા કરીને તે પ્રકારે મલ્ટીબેગર રિટર્ન હાંસલ કરી શકો તેવી ગણતરી છે.

સેફાયર ફુડનો શેર છેલ્લા ત્રણ અઠવાડિયાથી ધીરે ધીરે ઘટીને રૂા. ૧૩૬૪ ઉપર આવ્યો છે. ઉપર જણાવ્યું તેમ ટામેટા અને શાકભાજીના ભાવ તેને નડી રહ્યા છે અને તેને કારણે આ શેરમાં એકદમ મોટી તેજી આવી જાય તેવી આશા ઓછી છે. જ્યાં સુધી સપ્ટેમ્બર ક્વાર્ટરના આંકડા સ્પષ્ટ નહિ થાય ત્યાં સુધી ટૂંકી વધઘટ ઉપર પડી રહે તેવી ગણતરી છે.

દેવયાની ઇન્ટરનેશનલ અત્યારે રૂા. ૧૯૩ ઉપર છે અને આ શેરમાં પણ આવતા થોડા દિવસોમાં ટૂંકી વધઘટનો ટ્રેન્ડ જોવા મળવાની ગણતરી છે. એકદમ મોટા ઉછાળાની આશા નથી.

જ્યુબીલન્ટ ફુડના શેરમાં પણ રૂા. ૫૩૦ના લેવલથી ગાબડું પડીને રૂા. ૪૮૬નો ભાવ આવ્યો છે. લગભગ બે અઠવાડિયામાં આ શેરને ટામેટા નડી ગયા. પિઝામાં ટામેટાનો મોટો વપરાશ હોય અને જ્યારે ટામેટાનો ભાવ આવા ઊંચા હોય તો પિઝાનું કોસ્ટિંગ ખોરવાય જાય. આ શેરમાં પણ આવતા થોડા દિવસો નબળો ટ્રેન્ડ જોવા મળવાની સંભાવના છે.

હોટલ સેક્ટર સાથે સંકળાયેલી **થોમસકૂક**નો શેર કવર કરવાનું સતત દર્શાવીએ છીએ. થોમસકૂકમાં રૂા. ૧૧૫નો ભાવ આવ્યો છે અને તેમાં આવતા થોડા દિવસોમાં વધારે મજબૂત ઉછાળા સાથે રૂા.૧૨૦થી રૂા. ૧૨૪ની રેન્જમાં ભાવ આવી જવાની ગણતરી છે.

જ્યારે **ઈઝ માય ટ્રીપ** એક તબક્કે રૂા. ૧૨૦ આસપાસ ચાલતો હતો પરંતુ આ કંપનીને હરિફાઈ અતિશય તીવ્ર નડી

DYNAMIC INDUSTRIES LIMITED
Plot No. 5501, Phase III, Nr. Trikampura Cross Road,
G.I.D.C., Vatva, Ahmedabad - 382 445,Gujarat,India
Tel : 25897221-22-23
CIN : L24110GJ1989PLC011989
Email : admin@dynaind.com Website : www.dynaind.com

૩૪મી વાર્ષિક સાધારણ સભા,ઈ-વોટીંગ અને બુક ક્લોઝર ડેટની નોટીસ

એ. આથી સૂચના આપવામાં આવે છે કે કંપનીના સભાસદોની ૩૪મી વાર્ષિક સામાન્ય સભા સોમવાર,તા.૧૮ સપ્ટેમ્બર,૨૦૨૩ના રોજ ૧૧:૦૦કલાકે યોજાશે.સદર મીટીંગ કંપનીઝ એક્ટ,૨૦૧૩ની જોગવાઈઓ અને તે હેઠળના નિયમો તથા સેબી(લિસ્ટિંગ ઓબ્લીગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રીક્વાયરમેન્ટ) રેગ્યુલેશન્સ,૨૦૧૫ અને એમ.સી.એ દ્વારા રજૂ કરવામાં આવેલ સામાન્ય પરિપત્ર નં.૧૪/૨૦૨૦ તા.૮ એપ્રિલ,૨૦૨૦ પરિપત્ર નં.૧૭/૨૦૨૦ તા.૧૩ એપ્રિલ,૨૦૨૦ અને પરિપત્ર નં.૨૦/૨૦૨૦ તા.૫ મે,૨૦૨૦ તથા સેબીના પરિપત્ર નં.SEBI/HO/CFD/CMD1/CIR/P/2020/79 તા. ૧૨ મે,૨૦૨૦ને અને સરક્યુલર નં.SEBI/HD/CFD/CMD2/CIR/P/2021/11 ના ૧૫મી જાન્યુઆરી ૨૦૨૧ અને સીક્યુરીટીઝ એન્ડ એક્સચેંજ બોર્ડ ઓફ ઈન્ડીયા દ્વારા સમયાંતરે ઈશ્યુ કરાયલા અન્ય લાગુ પડતા સરક્યુલરોને વંચાણે લેતાં જોગવાઈઓનું પાલન કરી સામાન્ય સ્થળે સભ્યોની શારીરિક હાજરી વિના વિડીયો કોન્ફરન્સીંગ અથવા અન્ય દશ્ય-શ્રાવ્ય માધ્યમોના ઉપયોગ થકી યોજાશે.

બી. એમ.સી.એ. અને સેબીના પરિપત્રની જોગવાઈઓનું પાલન કરતાં ૩૪મી વાર્ષિક સાધારણ સભાની નોટીસ અને વર્ષ ૨૦૨૨-૨૩ના વાર્ષિક અહેવાલની નકલો એવા સભ્યોને ઈ-મેઈલ દ્વારા મોકલી આપવામાં આવશે જેમણે પોતાનું ઈ-મેલ કંપની ખાતે અથવા તેમના ડીપોઝીટરી સહભાગી સાથે રજીસ્ટર કરાવેલ છે.૩૪મી વાર્ષિક સાધારણ સભાની નોટીસ કંપનીની વેબસાઈટ www.dynaind.com અને BSE ની વેબસાઈટ www.bseindia.com પર ઉપલબ્ધ છે.

સી. કંપની અધિનિયમ,૨૦૧૩ની કલમ ૧૦૮ ને આધિન તથા કંપનીઝ(મેનેજમેન્ટ અને એડમિનિસ્ટ્રેશન રૂલ્સ ૨૦૧૪)ના સુધારેલા નિયમ ૨૦,અને સેબીના નિયમ નં.૪૪(લિસ્ટિંગ ઓબ્લીગેશન એન્ડ ડિસ્કલોઝર રીક્વાયરમેન્ટ)રેગ્યુલેશન્સ,૨૦૧૫ને વંચાણે લેતાં,કંપનીએ નોટિસમાં રજૂ કરેલા તમામ ઠરાવો પર ઈલેક્ટ્રોનિક માધ્યમથી તેના શેરધારકોને મત આપવાની સુવિધા પૂરી પાડવા માટે CSDLની સેવાઓ લેવાનું નક્કી કરેલ છે.કટ-ઓફ સોમવાર ,તારીખ ૧૧ સપ્ટેમ્બર,૨૦૨૩ના રોજ શેર ધરાવનાર(ફીઝીકલ અથવા મેટેરીયલાઇઝ) સભાસદો પોતાનો મત ૩૪મી વાર્ષિક સાધારણ સભાની નોટીસમાં દર્શાવ્યા મુજબ ઈલેક્ટ્રોનીકલી આપી શકશે.રીમોટ ઈ-વોટીંગ શુક્રવાર, તા.૧૫ સપ્ટેમ્બર,૨૦૨૩ના રોજ સવારે ૯:૦૦કલાકે શરૂ થશે અને રવિવાર,૧૭ સપ્ટેમ્બર,૨૦૨૩ના રોજ સાંજે ૫:૦૦ કલાક પૂર્ણ શથે.ત્યારબાદ CSDL દ્વારા ઈ-વોટીંગ મોડયુલને ડીસેબલ કરી દેવામાં આવશે.શેરહોલ્ડર દ્વારા કોઈપણ ઠરાવ પર એક વખત મત અપાયા પછી,તેને બદલવાની તક આપવામાં આવશે નહીં. ઈ-વોટીંગને લગતા કોઇપણ પ્રશ્ન કે સુવિધા જોઇતી હોય,તો આપ વેબસાઈટ www.evoting.csdl.com પર જઈને FAQ (FRE QUENTLY ASKED QUESTIONS) અને ઈ-વોટીંગ મેન્યુઅલનો સંદર્ભ લઈ શકો છો.

ડી. સદર વાર્ષિક સાધારણ સભાની નોટીસની બજવણી થઈ ગયા બાદ,જો કોઈ સભાસદ કંપનીના શેર ધારણ કરે છે એટલે કે,કટ-ઓફ સોમવાર, તારીખ ૧૧ સપ્ટેમ્બર,૨૦૨૩ બાદ શેર ધારણ કરે,તો તે વાર્ષિક સાધારણ સભાની નોટીસમાં દર્શાવ્યા મુજબ લોગ-ઈન આઈડી અને પાસવર્ડ જનરેટ કરવાની તજવીજ કરી શકે છે, તે માટે PAN NO.ડીપોઝીટરી સહભાગીઓ સાથે અપલોડ કરવો જરૂરી છે.જોકે એવા સભાસદો જેમણે પોતાનો પાન નંબર પોતાના ડીપોઝીટરી સહભાગીઓ સાથે અપડેટ કરેલ નથી,તેમની લોગ-ઈન આઈડી અલગથી ઈલેક્ટ્રોનિક કે ભૌતિક રીતે જનરેટ કરી તેમને પહોંચાડવામાં આવશે.જો આવા સભાસદે CSDL માં ઈ-વોટીંગ માટે પહેલેથી જ રજીસ્ટ્રેશન કરાવેલ હોય,તો તે હાલના આઈડી-પાસવર્ડનો ઉપયોગ ઈ-વોટ આપવા માટે કરી શકે છે.

ઈ. મતદાનની પારદર્શિતા માટે આપની કંપનીના બોર્ડ ઓફ ડીરેક્ટર્સ દ્વારા શ્રી ચિંતન પટેલ,કંપની સેક્રેટરી,અમદાવાદ,સભાસદ નં.૩૧૯૮૭ની સ્ક્રૂટિનાઈઝર તરીકે વોટીંગ અને ઈ-વોટીંગની સ્ક્રૂટિની માટે નિમણૂંક કરાયેલ છે.

એફ. કંપનીઝ એક્ટ,૨૦૧૩ની કલમ ૯૧ને આધીન, રૂલ ૧૦ કંપનીઝ(મેનેજમેન્ટ એન્ડ એડમીનીસ્ટ્રેશન)રૂલ્સ,૨૦૧૫ અને સેબી(લીસ્ટીંગ ઓબ્લીગેશન એન્ડ ડિસ્કલોઝર રીકવાયરમેન્ટ)ની જોગવાઈ૪૨ હેઠળ એ બાબતની પણ નોટીસ આપવામાં આવેલ છે કે ૩૪મી વાર્ષિક સાધારણ સભાને લઈ સભાસદોના રજીસ્ટર અને શેર ટ્રાન્સફર બુકની કાર્યવાહી મંગળવાર,૧૨ સપ્ટેમ્બર,૨૦૨૩ થી સોમવાર,૧૮ સપ્ટેમ્બર,૨૦૨૩(બંને દિવસોને ગણતા)બંધ રહેશે.

જી. વાર્ષિક સાધારણ સભાનું પરિણામ ચેરમેન અથવા અધિકૃત વ્યક્તિ અથવા કંપનીના કોઇપણ ડીરેક્ટર દ્વારા વાર્ષિક સાધારણ સભા બાદ નિયત સમયમાં જાહેર કરવામાં આવશે.સ્ક્રૂટિનાઇઝરના રિપોર્ટ સાથે એજીએમના પરિણામો કંપનીની વેબસાઈટ www.dynaind.com અને CDSL ની વેબસાઈટ www.evoting.csdl.com પર પરિણામ જાહેર થયા બાદ તરત જ પ્રદર્શિત કરવામાં આવશે.

શેરધારકોને વિનંતી છે કે તેઓએ તેમનો દરેક પ્રકારનો પત્ર વ્યવહાર અમારા RTA નામે Linkin Time India Private Limited ના સરનામે પાંચમો માળ,૫૦૬-૫૦૮, અમરનાથ બીઝનેસ સેન્ટર-૧(એબીસી-૧),ગાલા બીઝનેસ સેન્ટર,સેંટ ઝેવીયર્સ કોલેજ કોનર,સી.જી.રોડ,નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯ રીમોટ ઈ-વોટીંગને લગતી કોઇપણ તકરાર માટે સભાસદ નીચે સહી કરનારનો ઉપર શીર્ષકમાં જણાવેલ સરનામે/ઈ-મેઈલ પર સંપર્ક કરી શકે છે.

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ હુકમ દ્વારા
For Dynamic Industries Limited
તારીખ: ૨૬-૦૮-૨૦૨૩ સહી/-
સ્થળ : અમદાવાદ રીતુ અગરવાલ
કંપની સેક્રટરી